
પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૯ | ૩૧ માર્ચ, ૨૦૨૧, બુધવાર; ફાગણ વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# નાંદેડમાં શિખોનો પોલીસ પર હુમલો

**૪૦૦ સામે કેસ : હોળી પર પરવાનગી વગર ધાર્મિક સરઘસ કાઢ્યું હતું : ગુરુદ્વારામાંથી નિકળેલા ટોળાને રોકવામાં આવતાં પોલીસ ઉપર તલવાર-ડંડાથી હુમલો કર્યો : ૨૦ લોકોની ધરપકડ**







મુંબઈ, તા. ૩૦

મહારાષ્ટ્રના નાંદેડમાં હોળી નિમિત્તે પરવાનગી નહીં હોવા છતા ધાર્મિક સરઘસ કાઢવા માટે શિખોના એક ટોળાએ પોલીસ કાફલા પર કરેલા હુમલા બાદ ૪૦૦ લોકો સામે પોલીસ કેસ કરવામાં આવ્યો છે.પોલીસે અત્યાર સુધીમાં ૨૦ લોકોની ધરપકડ કરી છે.

ટોળાના હુમલામાં ચાર પોલીસ કર્મીઓ ગંભીર રીતે ઘાયલ થયા છે.દરમિયાન સોશિયલ મીડિયા પર આ ઘટનાનો વિડિયો વાયરલ થયો છે.જેમાં નાંદેડના ગુરુદ્વારામાંથી નીકળી રહેલા શિખોના ટોળાને તલવારો સાથે જોઈ શકાય છે.આ ટોળુ પોલીસની બેરિકેડ તોડીને પોલીસ કર્મીઓ પર હુમલો કરતુ નજરે પડે છે.

એક પોલીસ અધિકારીએ કહ્યુ હતુ કે, વગર પરવાનગીએ ટોળુ સરઘસ કાઢવા માંગતુ હતુ.હાલમાં કોરોનાના કારણે આ પ્રકારના કાર્યક્રમોના આયોજન પર પ્રતિબંધ છે.ટોળાને રોકવામાં આવ્યુ ત્યારે તેણે પોલીસ પર તલવાર અને ડંડાઓ વડે હુમલો કર્યો હતો અને પથ્થરો વરસાવ્યા હતા.

ભીડ અચાનક જ ગુરુદ્વારામાંથી બહાર નીકળી હતી અને બેરિકેડ તોડી નાખ્યા હતા.આ ઘટનામાં ચાર પોલીસ કર્મીઓ ગંભીર રીતે ઘાયલ છે.પોલીસના ૬ વાહનોને પણ નુકસાન થયુ છે.આ હુમલામાં ગુરુદ્વારા સમિતિના કોઈ સભ્યની

● અનુસંધાન પાન-૭ પર

## ભાજપના મનપા માટે ૪૦ ઉમેદવારો જાહેર

ગાંધીનગર મહાનગરપાલિકાના ૧૦ વૉર્ડના ૪૦ ઉમેદવારોની ભાજપે મોડીરાત્રે જાહેરાત કરી હતી. જેમાં વૉર્ડ નં. ૬ સિવાય તમામ નવા ચહેરાઓને મેદાનમાં ઉતાર્યા છે.

| વૉર્ડ નં. અને નામ | ઉમેદવારનું નામ |
|---|---|
| ૧ (૨૫-૨૬-રાંધેજા) | ૧. શ્રીમતી મીનાબેન ખોડીદાસ મકવાણા |
| | ૨. શ્રીમતી અંજનાબેન સુરેશભાઇ મહેતા |
| | ૩. શ્રી નટવરજી મથુરજી ઠાકોર |
| | ૪. શ્રી રાકેશકુમાર દશરથભાઇ પટેલ |
| ૨ (પેથાપુર-જીઈબી) | ૧. શ્રીમતી પારૂલબેન ભુપતજી ઠાકોર |
| | ૨. શ્રીમતી દિપ્તીબેન મનનષકુમાર પટેલ |
| | ૩. શ્રી અનિલસિંહ મહોબતસિંહ વાઘેલા |
| | ૪. શ્રી દિલીપસિંહ પૃથ્વીસિંહ વાઘેલા |
| ૩ (૨૪-૨૭-૨૮) | ૧. શ્રીમતી સોનાલીબેન ઉરેનભાઇ પટેલ |
| | ૨. શ્રીમતી દિપીકાબેન સવજીભાઇ સોલંકી |
| | ૩. શ્રી ભરતભાઇ મંજીભાઇ ગોહિલ |
| | ૪. શ્રી સંજીવ અંબરીશ મહેતા |
| ૪ (પાલજ-ધોળાકુવા) | ૧. શ્રીમતી સવિતાબેન હેમતાજી ઠાકોર |
| | ૨. શ્રીમતી દક્ષાબેન વિક્રમજી ઠાકોર |
| | ૩. શ્રી ભરતભાઇ શંકરભાઇ દિક્ષીત |
| | ૪. શ્રી જસપાલસિંહ પ્રવિણસિંહ બિહોલા |
| ૫ (પાંચદેવ) | ૧. શ્રીમતી કૈલાસબેન ગુણવંતભાઇ સુતરીયા |
| | ૨. શ્રીમતી હેમાબેન મંથનભાઇ ભટ્ટ |
| | ૩. શ્રી પદમસિંહ ચૌહાણ |
| | ૪. શ્રી કિંજલકુમાર દશરથભાઇ પટેલ |
| ૭ (કોલવડા-વાવોલ) | ૧. શ્રીમતી કિંજલબેન દિનેશજી ઠાકોર |
| | ૨. શ્રીમતી સોનલબા ઘનશ્યામસિંહ વાઘેલા |
| | ૩. શ્રી શૈલેષભાઇ વિઠ્ઠલભાઇ પટેલ |
| | ૪. શ્રી પ્રેમલનસિંહ પુંજાજી ગોલ |
| ૮ (૪-૫-અંબાપુર-સરગાસણ) | ૧. શ્રીમતી ઉષાબેન વિષ્ણુજી ઠાકોર |
| | ૨. શ્રીમતી છાયાબેન કાન્તીલાલ ત્રિવેદી |
| | ૩. શ્રી હિતેશભાઇ પુનમભાઇ મકવાણા |
| | ૪. શ્રી રાજેશકુમાર રાવજીભાઇ પટેલ |
| ૯ (૨-૩-કુડાસણ) | ૧. શ્રીમતી અલ્પાબેન કૌશિકભાઇ પટેલ |
| | ૨. શ્રીમતી શૈલાબેન સુનિલભાઇ ત્રિવેદી |
| | ૩. શ્રી રાજુભાઇ શંકરભાઇ પટેલ |
| | ૪. ડો. સંકેતભાઇ રમેશભાઇ પંચાસરા |
| ૧૦ (૬-૭-કોબા) | ૧. શ્રીમતી તેજલબેન યોગેશભાઇ નાયી |
| | ૨. શ્રીમતી મીરાબેન મીનેશકુમાર પટેલ |
| | ૩. શ્રી પોપટજી હેમતુજી ગોહિલ |
| | ૪. શ્રી મહેન્દ્રભાઇ પ્રહલાદભાઇ પટેલ (દાસ) |
| ૧૧ (ભાટ-ખોરજ) | ૧. શ્રીમતી સેજલબેન કનુભાઇ પરમાર |
| | ૨. શ્રીમતી ગીતાબેન ચંદ્રકાંતભાઇ પટેલ |
| | ૩. શ્રી માણેકજી ખોડાજી ઠાકોર |
| | ૪. શ્રી જશવંતલાલ અંબાલાલ પટેલ |

# મહારાષ્ટ્રમાં લોકડાઉન સામે એનસીપીનો વિરોધ

**કોરોનાના કહેર વચ્ચે રાજ્યમાં લોકડાઉનના ભણકારા : લોકડાઉનથી લોકોમાં રોષ વધવાની શક્યતાએ શિવસેનાના સાથી પક્ષનો વિરોધ, ભાજપ દ્વારા પણ લોકડાઉનનો વિરોધ**

મુંબઈ, તા. ૩૦

કોરોનાએ મચાવેલા હાહાકારની વચ્ચે મહારાષ્ટ્રમાં લોકડાઉન લાગુ કરવાના મુદ્દે સરકારમાં મતભેદો જોવા મળી રહ્યા છે.

એક તરફ સીએમ ઉધ્ધવ ઠાકરેએ તાજેતરમાં અધિકારીઓ સાથે બેઠક યોજીને તેમને રોડ મેપ તૈયાર કરવા માટે કહ્યુ હતુ ત્યારે હવે સરકારમાં ભાગીદાર એનસીપીએ લોકડાઉન લગાવવા સામે વિરોધ દર્શાવ્યો છે.એનસીપીના નેતા અને સરકારમાં મંત્રી નવાબ મલિકે કહ્યુ હતુ કે, મહારાષ્ટ્ર વધુ એક લોકડાઉન સહન નહીં કરી શકે.અમે મુખ્યમંત્રીને બીજા વિકલ્પો પર વિચારણા કરવા માટે અપીલ કરી છે.જો લોકો બેદરકારી ના દાખવે તો લોકડાઉનને ટાળી શકાય છે.

જોકે એનસીપીના આ નિવેદન પછી દેખાઈ રહ્યુ છે કે, લોકડાઉનના મુદ્દે સરકારમાં સંમતિ નથી.કદાચ લોકડાઉન લાગુ થાય તો લોકોનો રોષ વધી શકે છે અને તેના કારણે એનસીપી તેનો વિરોધ કરી રહી હોય તેવુ દેખાઈ રહ્યુ છે.

બીજી તરફ ભાજપ પણ લોકડાઉન લાગુ કરવાના વિરોધમાં છે.મહારાષ્ટ્ર ભાજપના અધ્યક્ષ ચંદ્રકાંત પાટિલનુ કહેવુ છે કે, લોકડાઉન એ યોગ્ય વિકલ્પ નથી.તેનાથી સૌથી વધારે નુકસાન રોજ કમાઈને રોજ ખાનારા

● અનુસંધાન પાન-૭ પર

## નાસિકના બજારમાં જવા નાગરિકોએ ટિકિટ લેવી પડશે

નાસિક, તા. ૩૦

કોરોના સંક્રમણના સતત વધી રહેલા કેસો પર અંકુશ મેળવવા માટે નાસિક નગર નિગમ અને પોલીસ પ્રશાસને અનોખો નિયમ લાગુ કર્યો છે. જે હેઠળ નાગરિકોએ માર્કેટમાં જવા માટે પાંચ રુપિયાની ટિકિટ લેવી પડશે. આ ટિકિટનો સમય એક કલાક પૂરતો મર્યાદિત રહેશે. જેથી બજારમાં જતી વ્યક્તિએ પાંચ રુપિયાની ટિકિટ ખરીદી એક જ કલાકમાં ખરીદી કરી લેવાની રહેશે.

આ નિયમનો ભંગ કરનારને ૫૦૦ રુપિયા દંડ ભોગવવો પડશે. તંત્રનું માનવુ છે કે આ નિયમ બજારમાં જનારા લોકો મર્યાદિત સંખ્યામાં જાય.

## રસીનો બીજો ડોઝ લીધા પછી પણ અનેક કોરોનાથી સંક્રમિત

ઈન્દોર,તા.૩૦

મધ્ય પ્રદેશમાં કોરોના સંક્રમિતોનું એપિસેન્ટર બની બેઠેલા ઈન્દોરમાં કોરોનાના કેસ કૂદકે ને ભૂસકે વધી રહ્યા છે. એવા પણ અનેક લોકો છે જેમને કોરોના રસીનો બીજો ડોઝ મળ્યા બાદ પણ સંક્રમણ લાગી ગયું. સ્વાસ્થ્ય વિભાગે નક્કી કર્યું છે કે આવા કોરોના સંક્રમિતોના સેમ્પલ્સ જીનોમ સિક્વેન્સિંગ માટે પુણે મોકલાશે. તેના દ્વારા માહિતી મેળવવામાં આવશે કે ક્યાંક આ લોકો કોરોનાના મ્યૂટેન્ટ વાયરસથી સંક્રમિત તો નથી ને. સ્વાસ્થ્ય વિભાગના ઓફિસરોના જણાવ્યાં મુજબ કોવિડ રસીનો બીજો ડોઝ લીધાના ૨થી ૨૪ દિવસ બાદ અનેક સ્વાસ્થ્યકર્મીઓ તથા પોલીસકર્મીઓના સંક્રમિત થવાના મામલા સામે આવ્યા છે. દેશના ૧૮ રાજ્યોમાં કેટલાક લોકો કોરોના વાયરસના મ્યૂટેન્ટ વેરિએન્ટથી સંક્રમિત થયેલા જોવા મળ્યા છે. જેમાં મધ્ય પ્રદેશના પણ કેટલાક સેમ્પલ્સ છે. જેના કારણે ઈન્દોર, ભોપાલ, સહિત પ્રમુખ શહેરોમાં એવા લોકો કે જે કોવિડ રસીનો બીજો ડોઝ લીધા પછી પણ સંક્રમિત થયા છે તેમની ઓળખ કરીને તેમના સેમ્પલ્સ જીનો સિક્વેન્સિંગ કરવાનો નિર્ણય લેવાયો છે. ઈન્દોરના કોવિડ નોડલ અધિકારી ડો. અમિત માલાકરના જણાવ્યાં મુજબ વિભાગ દ્વારા આ અંગે નિર્દેશ અપાયા છે. પુણેના નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ વાઈરોલોજીમાં આવા સંક્રમિતોના સેમ્પલ્સનું જીનોમ સિક્વેન્સિંગ કરાશે. ઈન્દોર શહેરમાં કોવિડ સંક્રમિતોની સંખ્યા વધવાની સાથે જ સ્વાસ્થ્ય વિભાગ હવે રસીકરણની ઝડપ વધારવામાં લાગ્યું છે. અત્યાર સુધી જિલ્લામાં ૨ લાખ ૪૭ હજાર ૪૮૯ લોકોને રસી અપાઈ ચૂકી છે.

## દિલ્હીમાં માર્ચમાં જ પારો ૪૦ ડિગ્રીને પાર

આ દિલ્હીમાં ગરમીનો રેકોર્ડ તોડી નાખ્યો છે. માર્ચ મહિનામાં જ મે મહિના જેવી ગરમીનો અનુભવ થઈ રહ્યો છે. સોમવારે દિલ્હીમાં રેકોર્ડ બ્રેક તાપમાન નોંધાયું છે. જેણે પાછલા બધા રેકોર્ડ તોડી નાખ્યા છે.

# ડબલ્યુએચઓનો દુનિયામાં કોવિડ-૧૯ ફેલાયા અંગેનો રિપોર્ટ લિક થયો

**કોરોના ચામાચીડીયાથી કોઈ અન્ય જીવમાં ગયો અને ત્યાંથી મનુષ્યોમાં : આ રિપોર્ટમાં હજુ પણ ઘણા પ્રશ્નોના જવાબ અપાયા નથી, આ ટીમે લેબ લિકની માન્યતાને છોડીને બાકીના દરેક ક્ષેત્રમાં વધુ રિસર્ચનો પ્રસ્તાવ આપ્યો**

બેઈજિંગ,તા.૩૦

વિશ્વ આરોગ્ય સંગઠન અને ચીનની કોરોના વાયરસ ઉત્પત્તિનો સંયુક્ત રિપોર્ટ લીક થઈ ગયો છે. ડબલ્યુએચઓના આ રિપોર્ટમાં કહેવાયું છે કે, એ વાતની સૌથી વધુ આશંકા છે કે, ચામાચીડીયાથી કોરોના વાયરસ કોઈ અન્ય જીવમાં ગયો અને ત્યાંથી મનુષ્યોમાં ફેલાયો. રિપોર્ટમાં કહેવાયું છે કે, કોરોના વાયરસ લેબમાથી લીક થયો હોવાની ઘણી જ ઓછી આશંકા છે. સમાચાર એજન્સી એપીએ ડબલ્યુએચઓના રિપોર્ટને ટાંકીને આ જાણકારી આપી છે. ડબલ્યુએચઓનો તપાસ રિપોર્ટ અપેક્ષા મુજબ છે, પરંતુ હજુ ઘણા જવાબ આ રિપોર્ટમાં અપાયા નથી. આ ટીમે લેબ લીકની માન્યતાને છોડીને બાકીના દરેક ક્ષેત્રમાં અને વધુ રિસર્ચનો પ્રસ્તાવ આપ્યો છે. આ તપાસ રિપોર્ટને રિલીઝ કરવામાં કથિત રીતે મોડું કરાયું, જેનાથી એ શંકા વધી ગી કે, શું ચીન તેના પરિણામોમાં ફેરફાર કરવાનો પ્રયાસ કરી રહ્યું છે, જેથી મહામારી ફેલાવવાની જવાબદારી ચીન પર ન આવી જાય. ડબલ્યુએચઓના એક અધિકારીએ ગત સપ્તાહે કહ્યું હતું કે, તે આગામી કેટલાક દિવસોમાં તપાસ રિપોર્ટને રિલીઝ કરવા માટે તૈયાર થી જશે. એપીને જે રિપોર્ટ હાથ લાગ્યો છે, તે તપાસ રિપોર્ટની લગભગ ફાઈનલ આવૃત્તિ છે. એ હજુ સુધી સ્પષ્ટ નથી કે તપાસ રિપોર્ટને છેલ્લા સમયે બદલી દેવાશે કે નહીં. આ રિપોર્ટને એક રાજદ્વારીએ આપ્યો છે, જે ડબલ્યુએચઓના જિનેવા કાર્યાલયમાં સભ્ય છે.

સરકાર માન્ય

વાછાણી COVID-19 હોસ્પિટલ

૨૪X૭ આપની સેવામાં ઉપલબ્ધ

સરનામું: પ્લોટ નં.૧૫૨૬, અપના બજાર, સેક્ટર-૬, ગાંધીનગર

95123 55568 | 95123 55569

ઉપલબ્ધ સારવાર

૮ બેડ ICU | ૧૬ બેડ HDU (High Dependency Unit) | ૧૭ બેડ જનરલ વોર્ડ

વેન્ટિલેટર | બાઈપેપ | હિમોડાયાલિસિસ | OPD સ્કેન | ડિજીટલ X-Ray | પેથોલોજી

સોનોગ્રાફી | 2D Echo | બ્લડ બેન્ક ટાય-અપ | એમ્બ્યુલન્સ સેવા

કોવિડ-૧૯ OPD - સવારે ૯.૦૦ થી ૧૧.૦૦

નોંધ: વાછાણી હોસ્પિટલ, કુડાસણ નોનકોવિડ શાખા છે.

COVID CARE AT HOME BY VACHHANI COVID HOSPITAL

## પૂણ્ય સ્મરણ



સ્વર્ગવાસ ફાગણ વદ-૩ સંવત ૨૦૫૭

जातस्य ही ध्रुवो मृत्यु - र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे न त्वं शोचितुमर्हसि ॥
(श्रीमद भगवद गीता - २-२७)

જન્મેલાનું મૃત્યુ નક્કી છે અને મરેલાનો જન્મ નક્કી છે. તેથી ટાળી ન શકાય એવી આ બાબતમાં શોક કરવાનું તારા માટે યોગ્ય નથી.
(શ્રીમદ્ ભગવત્ ગીતા ૨-૨૭)

વીસમી પુણ્યતિથિએ
પૂજ્ય શારદાબાને
શત્ શત્ પ્રણામ

● કૃષ્ણકાન્ત - સ્મિતા ● ભાગ્યેશ - ઝરણા ● પ્રકાશ - વંદના ●
● જાગૃતિ - બિપીનકુમાર ● ચારૂ - દર્શનકુમાર ●
● ચિન્મય - વૈભવી ●
● પ્રાર્થના - અનિષ ● લજ્જા - વત્સલ ● વિધી - યશ ●
● શુભાંગ ● કૃપાંશી ● યશસ્વી ●